અપીલ અરજી નં.૧૯૪ તા.૩૦-૯-૦૮

અરજદારઃ શ્રી મનસુખ જેરામ મુંજાણી
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

**હુકમ:-**

**વિષય :-**આર ટીઆઈ એકટ હેઠળ શ્રી મનસુખ જેરામ મુંજાણીની તા. ૨-૮-૦૮ અરજી થી ૭/૭૪૪ નો પ્લાન કયારે પાસ થયો? તેમા એલાયમેન્ટ કેટલુ છે? કેટલા ફુટ લંબાઈ / પહોળાઈમાં એલાયમેન્ટ છોડયું છે? તે મકાનની આગળ ભાડુઆતનું ઘર છે. તે પ્લાનમાં બતાવ્યું છે કે નહી? તે બાબતે વિગત આપવા બાબત.

સંદર્ભ :- અરજદાર મજકુરની તા.૩૦-૯-'૦૮ ની અપીલ અરજી નં.૧૯૪/૨૦૦૮-૦૯

શ્રી મનસુખ જેરામ મુંજાણીની તા. ૨-૮-૦૮ અરજી થી ૭/૭૪૪ નો પ્લાન કયારે પાસ થયો? તેમા એલાયમેન્ટ કેટલુ છે? કેટલા ફુટ લંબાઈ/પહોળાઈમાં એલાયમેન્ટ છોડયું છે? તે મકાનની આગળ ભાડુઆતનું ઘર છે. તે પ્લાનમાં બતાવ્યું છે કે નહી? તે બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સ .ઝોન/૬૨૮ તા.૩૦-૮-૦૮થી મુદ્દા નં.૩,૪,૫,૬,૭,૮,૯,૧૦ માં આપેલ માહિતીથી અસંતોષ હોવાનું જણાવી મળેલ પ્ર તિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦-૯-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૩૯ તા.૧૦-૧૦-૦૮ થી આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી પૂરક માહિતી મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ અરજી સાથે જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૩૦-૮-૦૮ ના રોજ આપેલ માહિતીની નકલ બીડેલ છે. જે અનુસાર જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારની મુળ અરજીથી માંગેલ ૧ થી ૧૦ મુદ્દાની હકીકતલક્ષી માહિતી પૂરી પાડયાનું જણાય છે. મુદ્દા નં.૬ અને ૯ અંગે પણ ઉપલબ્ધ દફતર અનુસારની વિગતો જણાવવામાં આવેલ છે.

અરજદારે નારાજગીના મુદ્દાઓ અંગે કોઈ સમર્થન કે આધાર રજૂ કરેલ નથી.

અરજદારની તા.૨-૮-૦૮ ની અરજીમાં માંગ્યા મુજબ મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં પૂરી પડાયેલી માહિતીમાંથી અનુષાંગિક પૂરક પ્રશ્નો અપીલમાં પુછવામાં આવેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨-૮-૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. જો અરજદાર ઈચ્છુક હોય તો અપીલ અરજીમાં જણાવેલ પૂરક પ્રશ્નો અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : -૧૧ -૦૮.

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મનસુખ જેરામ મુંજાણી